HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઈમ્સ ઓફ ખત્રી

# Times of Khatri

માસિક

હાલાઈ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૭ અંક-૧૦ સળંગ અંક-૭૮ માહે-રબીઉલ અવ્વલ હિજરી-૧૪૪૫ ઓક્ટોબર-૨૦૨૩

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## સામાજિક અસમાનતા

મોહંમદ હુસેન એ. ધડા, પોરબંદર

આજથી અમુક વર્ષ અગાઉ આપણી સંસ્થા હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશન દ્વારા હાલાઈ મુસ્લિમ ખત્રીઓની વસ્તી ગણતરી કરવામાં આવી. ખૂબ જ આશ્ચર્યની બાબત છે કે આપણી વસ્તી સમગ્ર ભારતવર્ષમાં માત્ર ૫૦૦૦ ઘરની જ છે. એટલે કે આપણે અંદાજે ૨૫૦૦૦ની વસ્તી ધરાવીએ છીએ. ખૂબ જ અલ્પ સંખ્યક હોવા છતાં આપણે છૂટા છવાયા વસવાટ કરતાં હોવાના કારણે પરિચય વિહોણા રહીયે છીએ. અને એ કારણે આપણા સમાજમાં શાદી રિશ્તાની સમસ્યા ખૂબ જ ઘેરી છે. મનપસંદ છોકરા છોકરીઓ વિશે વાલદૈન પાસે માહિતીનો અભાવ છે, અથવા એમ પણ કહી શકાય કે ઓળખતા જ નથી. છોકરો જેવી કન્યા ઈચ્છે છે બિલકુલ એવી જ કન્યા આપણાં હાલાઈ મુસ્લિમ ખત્રીમાં હોય પરંતુ માહિતી નથી. જેના કારણે પરનાતમાં સંપૂર્ણ નહિ તો મહત્તમ અંશે મળતી કન્યા જોવા મળે તો રિશ્તો કરી લ્યે છે અને અમુક કિસ્સા એવા જોવા મળ્યા છે કે પરનાતમાં રિશ્તો થઈ ગયા પછી આપણી બિરાદરીમાં એવી જ કન્યા સાથે વાલદૈનનો પરિચય થાય છે, ત્યારે એવું કહેતા જોયા છે કે ''અસા કે ઈ છોકરી જે બારે મેં ખબર જ ના વી, જરાક વહેલા મુલાકાત થઈ હોત તો પરનાત મેં ના કર્યા હોત.'' આ જ સ્થિતિ કન્યાના વાલદૈનની પણ છે.

આ સ્થિતિ માત્ર શાદી રિશ્તામાં છે એવું નથી. શિક્ષણ, રોજગાર દરેક બાબતમાં આપણે કયાંક અલ્પ સંખ્યક છીએ તો કયાંક શિક્ષિત બેરોજગાર છીએ. જો કે રોજગારની સમસ્યા તો માત્ર ખત્રીઓની જ છે એવું નથી. લગભગ દરેક જ્ઞાતિ આ સમસ્યા સાથે આજે લડી રહી છે, પરંતુ આપણે અહીં માત્ર ખત્રીની વાત કરી રહ્યા છીએ.

થોડા દિવસો અગાઉ પોરબંદર થી રાજકોટ એસ.ટી. બસમાં સફર કરતી વેળા મારી નજર સમક્ષ એક ખૂબ જ નજીવી પરંતુ આપણને અંદરથી વિચારતા કરી મુકતી એક ઘટના બની હતી, જેનો હું અહીં ખાસ ઉલ્લેખ કરવા માંગુ છું. આ ઘટના એ જ આ સંપૂર્ણ આર્ટિકલ લખવા પ્રેરિત કર્યો હતો.

બસમાં મારી સામેની સીટ પર એક એસ.ટી.ના કર્મચારી બેઠા હતા અને આગળના સ્ટેશન પરથી એક અન્ય યુવાન જેની ઉંમર અંદાજે ૩૦ વર્ષ આસપાસ લાગતી હતી, એ ચડયા અને ચડતાની સાથે જ પેલા એસ.ટી. વારા ભાઈ પર નજર જતાં તેમની બાજુમાં બેઠા. કારણ કે એ બન્ને એક બીજાને ઓળખતા હતા. સ્વભાવિક છે એક જ નિગમમાં અને એક જ વિભાગ (Division)માં સાથે કામ કરતાં વ્યક્તિઓ લગભગ એકબીજાને ઓળખતા જ હોય. એ બંનેની આગલી સીટ પર એક બુઝુર્ગ મહિલા બેઠા હતા.

અલક મલકની વાતો બાદ બંને વચ્ચે કામ બાબત વાર્તાલાપ શરૂ થયો. બસમાં સમય પસાર કરવા આજુબાજુની વાતો સાંભળવા સિવાય કઈ ન હોય એટલે હું સાંભળતો હતો.

'હું કયે બીજું મોજ માં'

'હોઉ મોજે મોજ આપણે હું ઘટે'

'રાજકોટ કઈ કામથી જવાનું?'

'હા ડિવિઝનમાં જાવું છું, આજ હિયરીંગ છે'

'લે તારો ઈ કેસ હજી નથી પત્યો?'

હસીને 'આપણે પતાવીયે તો પતે ને'

બીજો પણ સહેજ હસ્યો.

'તારી તારીખ તો જુલાઈમાં હતીને?'

'અરે એવી ૪ તારીખુ ગઈ, નોટિસ આવે, આપણે હિયરીંગમાં જવાનું જ નહિ.'

'તો પછી આજે કેમ જાય છે?'

'આજે તો સાહેબને કહી જ દેવું છે, કાં પુરૂ કર ને કાં ડિસમિસ કર.'

આ બધું મારી જેમ પેલા આગલી સીટ પર બેસેલા ડોશીમા પણ કુતુહલપૂર્વક સાંભળી રહ્યા હતા. હું તો માત્ર સાંભળતો હતો, પરંતુ ડોશીમા થી ન રહેવાયું. એણે પૂછી લીધું, કેમ ભાઈ નોકરીમાં નોટીસ શેની આવે તમને?'

'અરે માડી તમને ના ખબર પડે, અમે સાહીબુથી દબાઈને નો રહીયે એટલે પછી નોકરીમાં નોટીસુ આપે.'

અનુસંધાન પાના નં. ૪ ઉપર...

+91 9820223138

Asif Khatri
Managing Director

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# આજનો યુવાન

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી "નૂરી", બેંગ્લોર

ધનના ઘણાં પ્રકાર હોય છે, તેમાં સૌથી અગત્યનું ધન જો કોઇ હોય તો તે 'યુવાધન' છે. યુવાનો સમાજની આરસી કહેવાય છે. સમાજની પ્રગતિશીલતાનું આંકલન કરવું હોય તો જે તે સમાજના યુવાનો શિક્ષણ ક્ષેત્રે, વ્યાપાર ક્ષેત્રે કે સામાજિક ઉત્થાન ક્ષેત્રે કેટલા આગળ છે તેના પર કરી શકાય. પહેલાના યુવાનો કરતાં આજના યુવાનો પાસે માહિતી ક્ષેત્રે આદાન-પ્રદાન માટે વિશાળ તકો ઉપલબ્ધ છે, જે એક સુવર્ણ તકમાં પરિવર્તન કરાવી શકે તે યુવા આગળ નીકળી જાય છે.

યુવાનોને માર્ગદર્શનની જરૂરત હોય છે. જેના વાલી ભણેલા-ગણેલા હોય છે તેના સર્વે બાળકો બીજા બાળકો કરતાં આગળ વધી જાય છે, તે સર્વવિદિત છે. જે અભ્યાસમાં પાછળ રહી જાય છે યા કુસંગતે ચડી પોતાનું અને તેના કુટુંબની ઉજળી આશાઓનું નિકંદન કાઢી નાખે છે. કુછંદના રવાડે ચડી જતા યુવાનો પાછળ તેનું મિત્ર મંડળ, મા-બાપની અનદેખી અને દીને ઈસ્લામનું ઓછુ જ્ઞાન મળ્યું હોય, તે બની શકે.. યુવાની દિવાની કહેવાય છે. જે સમજી ગયો તે સુધરી ગયો. ના-સમજ યુવાન જ ઉંધે રવાડે ચડી જાય છે. મધ્યમ વર્ગનો યુવાન માલેતુજાર મિત્ર સાથે હરે ફરે તો તેનામાં 'મોટા ભા' થવાનો દ્વેષ ઉત્પન્ન થાય છે. જે તેને લાલચની દુનિયામાં લઇ જઇ મહત્વાકાંક્ષી બનાવી દે છે. જેને 'કનાઅત'ના પ્રત્યે નફરત થઇ જતાં લાખોપતિ/કરોડપતિ થવાના ખ્વાબ જોતો કરી દે છે. હસીન સ્વપ્નાઓના ખ્વાબમાં તે લોનના વ્યાજના ચક્રવ્યૂહમાં ફસાય જાય છે. જેનું પરિણામ ખૂબ જ દુઃખદ હોય છે. પૂરી યુવાની બરબાદ કરી દે છે. માટે ચેતો..

ઘણાં યુવાનો સાથે વાર્તાલાપમાં એ જાણવા મળ્યું કે ઘણાં યુવાનોમાં આત્મવિશ્વાસનો અભાવ જોવા મળ્યો. ઓછા ટકા આવે એટલે મા-બાપ સહિત સગા-વ્હાલા તેને પ્રોત્સાહનને બદલે નિરાશાવાદના પાઠ ભણાવવા માંડે. બાળકને શિક્ષણ પ્રત્યે અભાવ જણાય, તેને સંઘર્ષમય જીવન જીવવા પ્રેરકબળ પુરૂં પાડવું પડે. બાળકને કઠીન પરિસ્થિતિમાં સંઘર્ષમય જીવન જીવતા શિખડાવો, તો તે કદી યુવાનીમાં નિરાશ નહીં થાય. તેને ખરાબ પરિસ્થિતિમાં જીવતા શિખડાવો, તેથી તેનામાં આત્મવિશ્વાસનો સંચાર થશે. તેના દરેક કાર્યની પ્રશંસા કરો તો તે યુવાનીમાં પણ પ્રફુલ્લિત રહેશે. તેને એક પ્રેરકબળ મળશે તો તે યુવાનીમાં પોતાની જાતને સંભાળવાની-સમજવાની તક પ્રાપ્ત કરશે. જે તેના ભાવી જીવનમાં અગત્યનું બની રહેશે.

થોડા સમય પહેલાં અખબારમાં વાંચેલું કે યુરોપમાં તે મહાન પોસ્ટ પર હતો. લાખોનો પગાર.. પણ ગમે તે કારણે નોકરી છૂટી ગઇ, તે નિરાશામાં ડૂબી ગયો. બચપણ-યુવાનીમાં કદી સંઘર્ષ કર્યો ન હતો. તેથી તેણે આપઘાત કરી લીધો.

આવો જ એક બીજો કિસ્સો ઓસ્ટ્રેલિયાનો છે. જે લોયરની ઓફિસમાં નોકરી કરતો હતો. કોરોનાકાળમાં તેની નોકરી છૂટી ગઇ. બેકારી સારા સારાને ગર્તામાં ધકેલી દે છે. પરંતુ તેનો ઉછેર સંઘર્ષમાં થયો હતો. તેણે ભાડે ટેક્ષી ચલાવી અને પોતાનું તથા કુટુંબનું ભરણપોષણ કર્યુ. છેલ્લા તાજા સમાચાર મુજબ તે ફરી લોયર કું.ની ઓફિસમાં પોતાની સેવા આપતો થઇ ગયો છે. આ બન્ને ઉદાહરણો યુવાનોને પ્રેરણા મળે તે માટે આપ્યા છે.

ઘણાં નિરાશાવાદી યુવાનો પાસેથી સાંભળવા મળ્યું કે "નોકરીઓ જ કયાં છે? ભણીગણીને કરવું શું?" આ એક ખોટી માન્યતાનું ઉદાહરણ છે. ખરેખર ટેલન્ટેડ યુવાનોને જોબ મળી જ જાય છે. થોડી ધીરજ ધરવી રહી. ઘણાંને આપણે ઉચ્ચ હોદ્દા પર નોકરી મેળવતા જોઇએ છીએ. યુવાનોને વિનંતી છે કે નિરાશાને ખંખેરી મહેનત કરો. તમે મહેનત ના કરો તો મોટા ઓફિસર બનવાની અપેક્ષા ના રાખી શકો. મહેનતનું ફળ કયારેય નિષ્ફળ જતું જ નથી. કુદરત એક યા બીજા સ્વરૂપે તે તમને આપશે જ. અલ્લાહ પર ભરોસો રાખો. હદિષનું એક મફહૂમ છે કે, "અલ્લાહની નઝરમાં એક મજબૂત મોમીન કમજોર મોમીનની સરખામણીમાં બહેતર અને પસંદીદા છે." માટે કમજોર નહીં મકકમ મનોબળવાળા બનો. આપણાં સમાજનો એક યુવાન ઇન્કમટેક્ષ ઓફિસર બની શકે છે, એક લેડીઝ બેંકમાં મેનેજરની પોસ્ટ પર પહોંચી શકે છે. એક યુવાન બેંક મેનેજર બની શકે છે. અનેક યુવાનો આઇ.ટી. ક્ષેત્રે મોટી મોટી પોસ્ટ પર પહોંચેલા જોઇએ છીએ. એક આઇ.ટી.સિયન કું. ના ડાયરેકટરની પોસ્ટ પર પહોંચી શકે છે, તો તમે કેમ નહિ? એક આઇ.ટી.સિયન પોતાની કંપની ખોલી દેશ-વિદેશમાં ભ્રમણ કરી શકે છે તો તમે કેમ નહિ? તમારામાં પણ કુદરતે એ ક્ષમતા

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

આપી જ છે. તમે પણ તે હોદ્દો મેળવી શકો છો કે બિઝનેશ ચલાવી શકો છે. માત્ર તમારે તમારૂં લક્ષ્ય હંમેશા ઊંચું રાખવું પડશે. યુવાનોને નમ્ર વિનંતી કે કોઈપણ જાતની શંકા-કુશંકા રાખવા કરતાં તમારૂં ધારેલું ધ્યેય પ્રાપ્ત કરવા મહેનત જરૂર કરશો. અલ્લાહ તઆલા મહેનત કરનારને જરૂર કામ્યાબીના રસ્તે લઈ જશે.

જીવનમાં સંઘર્ષ કર્યા વગર સફળતા મળતી નથી. જીવનમાં ઉર્જા ઘટે પણ ઉત્સાહ ન ઘટવો જોઈએ. સોચવાનું ઓછું કરો, મહેનત વધુ કરો, સોચવાથી નિરાશા મળે છે, મહેનત કરવાથી સફળતા મળે છે. આજના યુગમાં (ઇન્ટરનેટ યુગ) સ્વચ્છંદતાના આવરણ ઓઢી જે બિભત્સપણું પીરસાઇ રહયું છે તેનાથી યુવાનો એ ચેતવાની જરૂર છે. મોજ-મજા અને મનોરંજનની ધૂન સવાર થઈ રહી છે. યુવાનો તમો મા-બાપની તમન્નાઓનું કેન્દ્રબિંદુ છો, તેના દુલારા છો, તેની આંખની ઠંડક છો, તેના કલેજાના ટૂકડા છો. તમે કદી વિચાર્યુ છે કે તમે તમારા કુટુંબ માટે કેટલા કિંમતી છો? અલ્લાહે તમારામાં અગણિત કાબેલિયતનો ભંડાર ભરી દીધો છે, તેનો સદ્ઉપયોગ કરો, દૂરૂપયોગ નહીં. યુવાનીનો મુખ્ય ધ્યેય ઇલ્મ પ્રાપ્તિ સિવાય બીજો કશો ના હોઈ શકે. દીન અને દુન્યવી બન્ને શિક્ષણ પ્રાપ્ત કરવા ખૂબ મહેનત કરો. તમારામાં નીચેના ગુણો અવશ્ય હોવા જોઈએ.

વિશિષ્ટ અખ્લાક એ જરૂરી છે. શરમાળ રહેવું. હયા એ ઈમાનની શાખ છે. સ્વચ્છંદીપણું એક ઐબ છે, તેનાથી દૂર રહો.

યુવાનો માટે દુઆ છે કે અલ્લાહ તઆલા તેમના મકસદમાં કામ્યાબી આપે, હંમેશા મા-બાપ સાથે સદ્‌વર્તનથી વર્તે, જીનાથી બચતા રહે, કોઈ સાથે ઝુલ્મ ના કરે, હલાલ રોજીનો ઉપયોગ કરે, જિંદગીમાં કયારેય જૂઠુના બોલે, કયારેય અભિમાન ના કરે, તેમના દિલોને ઇશ્કે રસૂલ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)થી ભરપૂર રાખે, આમીન.

કઠીન પરિસ્થિતિમાં સંઘર્ષ કરવાથી એક બહુ મૂલ્યવાન સંપતિ પ્રાપ્ત થાય છે, તે વધુ સફળતા પ્રાપ્ત કરે છે. તેનું નામ 'આત્મબળ - સેલ્ફ કોન્ફિડેન્સ' છે. મારો દાખલો લખી લેખને પૂર્ણ કરૂં છું. સરકારી નોકરી ૨૫ વર્ષની લીમીટ ક્રોસ કર્યા પછી કોઈને મળે ખરી? ઈમ્પોસીબલ! (ના જ મળે). મને ૩૩ મા વર્ષે સરકારી નોકરી મળી તે પણ હકીકત છે. આજે સરકારી પેન્સન પણ મળે છે, જાણ ખાતર!!!

જાગો.. યુવા જાગો... તમારૂં ધ્યેય નિશ્ચિત કરો, મહેનત કરો, સફળતા પ્રાપ્ત થાય ત્યાં સુધી સંઘર્ષ કરો.. સંઘર્ષ એજ જીવનમંત્ર.

## ખત્રી બિરાદરો જરા ધ્યાન આપો...

કોઈપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઈ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, પોતાના વિચારોને સમગ્ર સમાજ સામે રજૂ કરી શકાય છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે. આવી તમામ જવાબદારીઓ 'ટાઈમ્સ ઓફ ખત્રી' બખૂબી બજાવી રહ્યું છે અને તેનો ફાયદો પણ આપ લોકોની સમક્ષ દેખાઈ રહયો છે.

આપ લોકોને વિનંતી છે કે તમારા તરફથી સમાજને ઉપયોગી થાય તેવા વિચારો લેખરૂપે અમોને મોકલી શકો છો. તમારા કુટુંબમાં બનતા સારા-માઠા પ્રસંગોને તમો કાર્યાલયે મોકલી ટાઈમ્સ ઓફ ખત્રીમાં છપાવી શકો છે.

સમાજ આજે જાણે તંદ્રામાંથી જાગીને, ઉત્સાહિત થઈને સમાજહીતના કામે લાગી ગયો છે. તેવા સમયે આપણી પણ ફરજ બની રહે છે કે આપણું આ મુખપત્ર આજના મોંઘવારીના સમયમાં ટકી રહે, વર્ષો સુધી સમાજની સેવામાં સેતુરૂપ કાર્ય કરતું રહે, એ માટે આપનું લવાજમ તાત્કાલિક ઓફિસ કાર્યાલયે મોકલી આપવું. આપની આ લવાજમરૂપી સહાયથી જ આપણું 'ટાઈમ્સ ઓફ ખત્રી' ટકી રહેશે.

આપ સર્વેને વિનંતી કરવામાં આવે છે કે આપે આપનું લવાજમ તાત્કાલિક કાર્યાલયે મોકલી આપવું અને સમાજમાં દરેકે દરેક ઘર નિયમિત લવાજમ પહોંચાડે તેવા પ્રયત્નો કરવા. આપની લવાજમની નાની એવી રકમ સમાજ સેવામાં મોટું યોગદાન આપી શકે. ફરી એકવાર વિનંતી કે આપનું બાકી રહેતું લવાજમ તાત્કાલિક મોકલો તથા સમાજના અન્ય સભ્યોના લવાજમ પણ મોકલાવડાવો.

આજના સમયમાં કૌમનું મુખપત્ર હોવું એ એક ગૌરવપ્રદની સાથોસાથ વિકાસલક્ષી સમાજોપયોગી કાર્યોમાં સેતુરૂપ પણ છે. તો આવો આપણે આપણાં મુખપત્રને મજબૂત બનાવી વિકાસની કેડી કંડારીએ.


Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786 www.maplestar.ae Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679
مبيل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.
Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

અનુસંધાન પાના નં. ૧નું ચાલુ...

'દીકરા આજે નોકરિયું મળતી નથી, મારો દીકરો ક્યારનો ભણીને નવરો બેઠો હતો, ક્યાંય સરકારી નોકરી નો મળી પછી હવે એક દુકાને કામ કરે છે. તેમને સરકારે નોકરી આપી છે તો ઇમાનદારીથી નોકરી કરને દીકરા, માથાકુટ કરીને શું મળવાનું?'

'માડી અમને તો આ નોકરીની કઇ જરૂર નથી, પણ મળી ગઇ એટલે કરીયે છીએ, ખિસ્સા ખર્ચી નીકળે.'

'પણ ભાઇ મળી ગઇ છે તો પછી સરખી કરાઇ, આ ખોટા ધક્કા તમને નો થાય.'

'માડી ગુનાહ ન કરીયે તો નોકરી કરવાની મજા નો આવે, ને અહીં નોકરીની કોને પડી છે, રાખવું હોય તો રાખે.'

'કેમ નોકરી નથી કરવી'

'આ હેસિયત વગરના સાઇબુના ઓર્ડર માનવા ને ભાઇસાબ કેવું ઇ આપણે થી નો થાય હો. ૨૦૦ વીઘા જગ્યા છે, ઘરવારી પાસે ૫૦ તોલા સોનુ છે, ૧૫ લાખ રોકડા પડયા છે, આ નોકરી હું દૈ દેવાની અમારો ડોહલ ઘણું મૂકીને ગયો હે.' (એ જ્ઞાતિમાં દાદાને ડોહલ કહે.)

એ પછી બન્ને એકબીજાની સામાજિક અને અન્ય વાતોમાં પડી ગયા. પરંતુ આ લગભગ ૫ મિનિટ ચાલેલો વાર્તાલાપ મને થોડીવાર તો વિચલિત કરી ગયો. હું એ પછી એ જ વિચારતો રહયો કે ગજબની અસમાનતા છે ને, જેને નોકરીની ખરી જરૂર છે તે ધક્કા ખાય છે, રઝળે છે, લાયકાત અને જરૂરિયાત બન્ને હોવા છતાં નોકરી નથી મળતી અને જેને નોકરીની જરૂર નથી અને રોજગારની કદર નથી, તેને સારી નોકરી આસાનીથી મળી ગઇ છે.

આ એક નથી એવા ઘણા ઉદાહરણો મળશે જો આપણે સૂક્ષ્મ નિરીક્ષણ કરીશું તો. લેખની શરૂઆતમાં જ મેં આપણી વસ્તીનું ઉદાહરણ ટાંક્યું તેનો ઉદ્દેશ્ય એ જ હતો કે આપણી સંખ્યા ખૂબ જ નાની છે, છતાં તેમાં શિક્ષણ, રોજગાર, નેકી, નૈતિકતા, નિતીમત્તાનું પ્રમાણ ઓછું છે, આર્થિક સક્ષમતાની ટકાવારી ખૂબ જ ઓછી છે, નબળા પડી ગયેલા ને ઉગારી લેનારાની સંખ્યા પણ ઓછી છે, જયારે કે સાવ એવું પણ નથી કે ઉગારી શકે એવા સક્ષમ નથી. આપણાં સમાજ પાસે ન તો એક હોસ્પિટલ છે, ના હોસ્ટેલ છે, જૂજ શહેરોને બાદ કરતા પોતાના જમાતખાના પણ નથી. જયારે આપણે અન્ય જ્ઞાતિઓ ઉપર નજર દોડાવીએ તો આપણને જોવા મળશે કે કેટલીક જ્ઞાતિઓના ગામેગામ હોસ્ટેલ, હોસ્પિટલ, શૈક્ષણિક સંકુલ છે. પોતાની જ્ઞાતિઓના વિદ્યાર્થીઓ માટે બધી સુવિધાઓ મફત અથવા તો સાવ નજીવા ખર્ચે આપવામાં આવે છે. તેની સામે એ દલીલ ચોકકસ થઇ શકે છે કે એ જ્ઞાતિઓની સરખામણી એ આપણી પાસે નાણાકીય સ્ત્રોત ઉભા કરી શકે એવા પરિવારોની સંખ્યા નગણ્ય છે, પરંતુ સાવ નહિવત્ તો નથી જ. ગામેગામ નહિ તો કમ સે કમ રાજયમાં એક તો હોઇ શકે, રાજયમાં નહિ તો સમગ્ર ભારતમાં એક તો બની શકે. આપણે એ દિશામાં પણ કયારેય પ્રયાસ કર્યો જ નથી.

આપણી જ્ઞાતિની ઝકાતની જો ગણતરી કરવામાં આવે તો કદાચ એટલી ઝકાત દેશ વિદેશમાંથી નીકળતી હશે કે જો એક જગ્યાએ થી અને સંપૂર્ણપણે નિષ્પક્ષ અને નીતિ સાથે વિતરણ કરવામાં આવે તો કદાચ આજની પરિસ્થિતિમાં ઘણો ફર્ક જોવા મળે. ઝકાતના વિતરણમાં જો રકમ બચાવવાની વૃત્તિ રાખવામાં આવે તો એ રકમ વર્ષાન્તે ગુનાહ તરફ દોરી જાય છે.

જો આપણે મહત્તમ ઝકાતની રકમ એક જ સ્થાને એકત્રિત થાય અને ત્યાંથી વર્ષ દરમ્યાન વધુ નહિ તો એવા ૧૦ થી ૨૦ ખૂબ જ નબળા પરિવારો શોધીને અતિ નબળા પરિવારોને ન કેવળ ઉગારવા બલ્કે, એ જ રકમનો મહત્તમ ઉપયોગ કરી બીજા વર્ષે એ ઝકાતના હકદાર ન રહે એવું પ્રયોજન કરી આપવામાં આવે તો ખરા અર્થમાં ઝકાત થકી કલ્યાણકારી કાર્ય થઇ શકે.

ખૈર, આ તો માત્ર એક પક્ષની વાત થઇ, આ બધું ન થઇ શકતું હોય તો તેની પાછળ બીજા ઘણા કારણો પણ હોઇ શકે, જે માત્ર જમીની સ્તરે કાર્ય કરનારાને જ ખબર હોય.

**મલ્ટીકલર ઓફસેટ મુદ્રિત "ટાઇમ્સ ઓફ ખત્રી"ને સજીવન રાખવા આપના દરેક સુખ, દુઃખના પ્રસંગે 'ટાઇમ્સ ઓફ ખત્રી'ને હંમેશા યાદ રાખો અને આપનું ડોનેશન તુરંત મોકલશો..**

**સમાચાર-લેખન-કૃતિઓ મોકલવા માટેઃ E-mail: timesofkhatri@gmail.com**

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# રાજકોટ હાલાઈ મુસ્લિમ ખત્રી જમાઅત દ્વારા શૈક્ષણિક ઈનામી મેળાવડો યોજાયો

રજૂઆતઃ ફાઈખ, રાજકોટ

રાજકોટ ખાતે આજે રવિવારે પરંપરાગત ખત્રી જમાઅતનો વર્ષ ૨૦૨૩નો શૈક્ષણિક ઈનામી મેળાવડો યોજાયો હતો. જેમાં અ...ધ...ધ..ધ.. ૧૫૯ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. રાજકોટ જમાઅત ઉપરાંત બાજુના લોધિકા, કોટડા સાંગાણી અને ગોંડલ જમાઅતને પણ આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવતા એ જમાઅતના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. આ તમામ વિદ્યાર્થીઓને અભ્યાસને લાયક, પોતાને ઉપયોગી, અતિ ભારે કિંમતી ભેટ સોગાદો આપવામાં આવતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ થઇ ગયા હતા. એટેચી, ગીજર, આર્યન, ઈઅરફોન, રાઈટીંગ ટેબલ, હોટ-કોલ્ડ બોટલ સહિતના રૂપિયા ૬૦ હજારના ધરખમ ઈનામો આ તકે રાજકોટ જમાઅત દ્વારા અપાયા હતા. એટલું જ નહિ હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશન દ્વારા તમામ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તથા હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ દ્વારા ધો. ૧ થી ૧૨ માં પ્રથમ આવનારને ભેટ તેમજ ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન પોરબંદર દ્વારા ધો. ૯ થી ૧૨ માં ફર્સ્ટ આવનાર તથા કોલેજના તમામ ૨૭ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તેમજ જેતપુર જમાઅત તરફથી ધો. ૧ થી ૧૨ માં પ્રથમ આવનારને રોકડ પુરસ્કાર તથા જૂનાગઢ જમાઅત દ્વારા ધો. ૧ થી ૧૨ માં દ્વિતીય આવનારને તેમજ અમીના નુરમુહમ્મદ ગેલુ-રાજકોટ તરફથી દરેક ફર્સ્ટને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા.

**સૌએ ભરપૂર વખાણ કર્યા, ભારે સફળતા**
**શાનદાર ઈનામો મેળવી વિદ્યાર્થીઓ ખુશખુશાલ**

આ સમારંભમાં પોરબંદર જમાઅતના અગ્રેસર નઝીરભાઇ અ.શકુરભાઇ કારાતેલા, મો.અમીનભાઇ ગિરાચ, જૂનાગઢ જમાઅતના અગ્રેસરો વલીમોહંમદ અબ્દુલ્લા ગિરાચ, મુસાભાઇ સિદ્દીક ગિરાચ, ઈમ્તિયાઝ અબ્દુલ ગફાર મચ્છર, જેતપુર જમાઅતના અગ્રેસર હાજી મુસ્તાકભાઇ ગિરાચ, અખ્તરભાઇ ગિરાચ, અબ્દુલઅઝીઝભાઇ ગિરાચ, ફેડરેશન સેક્રેટરી રફીકભાઇ છાટબાર ઉપસ્થિત રહેલ હતા. આ સાથે સાથે ૧૨ મી શરીફની રાબેતા મુજબ નિયાજ પણ રાખવામાં આવેલ હોય, શુધ્ધ ઘીનો શીરો તથા પ્રથમવાર સફેદ ચટ્ટાકેદાર પુલાવ સૌને પીરસવામાં આવેલ. આ ભોજન લીધા બાદ સૌએ સ્વાદિષ્ટ ભોજન હોવાની પ્રતીતિ કરાવી હતી. ભરપૂર સંખ્યામાં યોજાયેલ આ ખત્રી મેળાવડો ખરેખર શાનદાર બની રહયો હતો. એટલું જ નહિ, સ્થાનિક બિરાદરોના સહકારથી જાજરમાન ઈનામો મેળવી વિદ્યાર્થીઓ ખુશખુશાલ થયા હતા.

અત્રે એ નોંધનીય છે કે ગયા વર્ષ કરતાં આ વખતે ૩૦ વિદ્યાર્થીઓની સંખ્યા વધી હતી અને હંમેશા જાજરમાન ઈનામો આપવામાં રાજકોટ જમાઅત ફરી મોખરે રહી છે. એટલું જ નહિ પહેલીવાર હોલમાં વિશાળ મંચ બનાવાયા હતો, જેનું આકર્ષણ પણ સારૂં એવું રહયું હતું. રાજકોટ જમાઅત કારોબારી સમિતિના તમામ હોદ્દેદારો સભ્યો ઉપરાંત હર વખત મદદરૂપ થતી કિશોરવયની યંગ કમિટિ તથા લેડીઝ કમિટિ દ્વારા સમગ્ર વ્યવસ્થા જાળવવામાં આવી હતી. એ સાથે સાથે ઈમામુલ કૌમ પરિવારના સૌજન્યથી રાજકોટ જમાઅત દ્વારા દરેક વિદ્યાર્થીને આકર્ષક ગૌરવ પત્ર એનાયત કરવામાં આવેલ. જે આ જમાઅતની આગવી વિશિષ્ટતા રહી છે.

આજના મેળાવડામાં હાલાઈ મુસ્લિમ ખત્રી સમાજનું ગૌરવ વધારનારા ૩ વિદ્યાર્થીઓ કે જેઓ M.B.B.S., B.H.M.S. તથા NATA માં ફર્સ્ટ Rank માં ગુજરાતમાં પાસ થનારને વિશેષ શિલ્ડ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું, જે આ મેળાવડાની રોનક રહી હતી અને આ સમયે આખો હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠયો હતો. એટલું જ નહિ ઉપસ્થિત બહારથી પધારેલા મહેમાનોએ પણ મંચ ઉપર ઊભા થઈ શિલ્ડ અપાયું ત્યારે વિદ્યાર્થીઓનું સન્માન કર્યુ હતું.

હંમેશા યોજાતા રહેતા રાજકોટ જમાઅતના મેળાવડામાં આ વખતનો મેળાવડો શાનદાર બની રહયો હતો, એ સાથે

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com


સાથે વિદ્યાર્થીઓના પુરસ્કાર પણ ચડિયાતા બની રહયા હતા. આ માટે થઇને રાજકોટ જમાઅતના તમામ હોદ્દેદારો અને સભ્યોએ પ્રમુખ હાજી હારૂન મોહંમદ છનછરાની મહેનતમાં સૂર પુરાવી રંગ લાવી દીધો હતો. એ સાથે સાથે કિશોરવયની યંગ કમિટિએ સવારથી લઇને સુમરા હોલ ખાલી થયો ત્યાં સુધી ખડે પગે સેવા બજાવી હતી. બીજી તરફ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન જમાઅતના જ હોદ્દેદાર જનાબ આસીફભાઇ અબ્દુલખાલિદભાઇ છાંટબાર એ રસપ્રદ શૈલીમાં કરેલ હતું શરૂઆતમાં નાના બાળક તાહિર રઝા સરફરાઝ છાંટબાર એ તિલાવત નાત રજૂ કરેલ.

બીજુ એ કે આ વખતે વચ્ચે પહેલીવાર ક્વિઝ રાખવામાં આવી હતી. જેમાં ૩૬ વિદ્યાર્થી ભાઇ બહેનો એ ભાગ લીધો હતો અને તે પૈકી ૬ એ સારા માર્કસ મેળવતા તેઓને રોકડ પુરસ્કાર અપાયા હતા.

આ કાર્યક્રમની ઊપસ્થિત બહારના મહેમાનોએ ભરપૂર પ્રશંસા કરી હતી. અત્રે એ નોંધનિય છે કે, આ મેળાવડા માટે કયાંય ફાળો કરાતો નથી. માત્ર સ્થાનિક જે પરિવારો યથાશક્તિ જે આપે છે તે રકમમાંથી આ ઇનામો અપાય છે. એકંદરે સવારે ૧૦-૦૦ વાગ્યે શરૂ થયેલ આપણાં સમાજની ભારતની બીજા ક્રમે આવતી એકંદરે ગરીબ મનાતી આ રાજકોટ જમાઅતનો આ કાર્યક્રમ પોતાની જમાવટ સાથે બપોરે ૩-૦૦ વાગ્યે પૂરો થયેલ હતો.

## કાર્યક્રમની તસ્વીરી ઝલક....







Since 1945
જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઇશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

# ANNOUNCE THE TRUTH WITHOUT FEAR

Beware of the agents of unholy unity. Their claim of being Sunnis is futile. Their aim is to unite the pure with the impure. Sayyidi Aala Hazrat Azeem ul Barkat (Radi Allahu Anhu) refuted this all his life.

Today, there are many who claim to follow "Malak e Aala Hazrat", but they say to the Muslims, "Do not waste your time speaking against the Deviants. Just learn our way and educate our public about Sunniyat. There is no need to waste time refuting such people and speaking against them in our lectures."

Such people claim to be from the "Ahle Sunnah", but they want to unite with the deviants and they wish to take the support of these evil sects who regard the vast majority of the Muslims in the world as "Mushriks". Shame on such people and such organisations! How can any Muslim be comfortable with deviants and take them as their partners in their Deeni matters? This is clear Sulhe-Kulliyat and such people who try to forge such unity with deviants (Badmazhabs) are Sulhe-Kullis (Agents of unholy unity).

It is about such people that Hazoor Sayyidi Taajush Shariah Radi Allahu Anhu and Huzoor Sayyidi Muhad'dith e Kabeer Qibla have been warning us. It is about the same agents of unholy unity, that Huzoor Sayyidi Murshid-e Kareem Sarkaar-e Taaj al Shariah Radi Allahu Anhu says,

Sulhe-Kulli Nabi Ka Nahin Sunniyo! (The agents of unholy unity, from the Nabi are disconnected)

Sunni Muslim He Sach-cha Nabe Ke Liye (Only the Sunni Muslims are truly loyal, the the Nabi, most exalted)

- Khalifah Wa Wakeel of Huzor Taaj Al Shariah & Khalifah-e Huzoor Muhaddith-e Kabeer Maulan
**Muhammad Afthab Cassim Qaadiri Razvi Noori**
Imam Mustafa Raza Research Centre
Durban, South Africa

Pinned By
The Bareilvi Khatri Family
Jetpur, GUJ, IN.

# તમારામાં રહેલી નકારાત્મકતાને ઓળખો

પોતાની જાતની નકારાત્મકતાને ઓળખવી અને તેને સ્વીકારવું એ પોતે જ મૂલ્યવાન ક્રિયા છે. કોઈ વિરલાને જ એ સદ્‌ભાગ્ય સાંપડે છે. હું હજી એ કક્ષાએ નથી પહોંચ્યો પણ કોઈ શુભચિંતક સ્નેહી તરફથી મળેલા અમૂલ્ય સૂચનો પરથી મારી કેટલીક નકારાત્મક બાબતો પ્રત્યે જાગૃત થવાયું અને કેટલાક તારણો મેળવ્યા.

(૧) દરેક વ્યક્તિને પોતાનો દ્રષ્ટિકોણ હોય છે અને તે પોતાની માન્યતામાં પુખ્ત હોય છે. માટે કોઈનો મત બદલવાની નિરર્થક કોશિશ કરવી નહિ.

(૨) પહેલી દ્રષ્ટિએ વાહિયાત જણાતી અન્યોની વિચારધારામાં પણ સત્ય હોઈ શકે. આપણી વિચારશક્તિમાં પણ કચાશ હોય.

(૩) તમારી આસપાસના લોકોને તમે ખુશ નહિ રાખી શકો, જો એવું કરવાનો પ્રયત્ન કરશો તો તમારી જાતને જ નાખુશ કરી બેસશો.

(૪) આપણા લક્ષ્યોને મધ્યમ કક્ષામાં રાખવા. કદાચ સંપૂર્ણપણે પૂરા ના થાય તો પણ નિયતિ માનીને સ્વીકારી લેવાથી સંતાપથી બચી જવાય છે.

(૫) પ્રયત્નપૂર્વક કરીએ તો જ બચત થાય છે, ગમે તેટલી મોટી આવક હોય તેથી બચત આપોઆપ થશે એવું બનતું નથી.

(૬) સંતાનોને સંસ્કાર આપવા માટે પોતાની જાતને ઉદાહરણરૂપ બનાવીને સંતાનોને આપોઆપ શીખ મળે એ સાચો રસ્તો છે. પેઢી દર પેઢી માનસિક અંતર રહેતું જ આવે છે, નકામા વિચારોને લાગણીવશ બનીને પોષણ આપવું નહિ. નવી પેઢી ઘણી બાબતોમાં ગેરમાર્ગે હોઈ શકે પણ એ કેટલીક આધુનિક વિદ્યાઓ જૂની પેઢીના લોકોને પણ શીખવી શકે એવો સમય આવી ગયો છે.

**સાભાર: વ્હોટ્સએપ**

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 | Times of Khatri October-2023 | Postal Regd. No. Rajkot/707/2022-2024

If undelivered please return to:

ટાઈમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## તશ્રીફે જહાં

મુળ ઉપલેટાના વતની અને છેલ્લા ઘણાં વર્ષોથી છત્તીસગઢના અકલતરા ખાતે સ્થાયી થયેલ મર્હુમ અ.ગફાર અબા હુસેન માંધુના ફરઝંદ રીયાઝ અહમદ હાલ બિલાસપુર (છત્તીસગઢ) ખાતે બિઝનેસ માટે સ્થાયી થયેલ છે. જનાબ રીયાઝ અહમદના નેર ફરઝંદ ઝીશાન રઝાને ત્યાં તા. ૪-૭-૨૦૨૩ના રોજ જામનગર મુકામે પુત્ર નામે **ઝયાન રઝા**નો જન્મ થયેલ છે. ઝયાન રઝાના વાલેદા મોહતરમા તલફફૂઝબાનુ પોરબંદરના રહીશ અને અંજુમન સહિત સમાજની વિવિધ સંસ્થાઓ સાથે સતત સંકળાયેલ રહી સેવા આપનાર મર્હુમ સુલેમાન અ.લતીફ કારાતેલા (હરફન)ના ફરઝંદ જનાબ હાજી મોહંમદ ઈરફાન કે જેઓ હાલમાં જામનગર ખાતે સ્થાયી થયેલ છે, ની નેક દુખ્તર થાય છે.

આ ખુશીના મોકા પર દાદાજાન જનાબ રીયાઝ અહમદ અને પરિવાર (બિલાસપુર) તરફથી અંજુમન ખાદિમને રૂા. ૨૫૦/-, અંજુમન તંગદસ્ત ફંડમાં રૂા. ૨૫૦/-, ટાઈમ્સ ઓફ ખત્રીને રૂા. ૨૫૦/-, એજયુકેશન ફંડ (ટ્રસ્ટ)ને રૂા. ૨૫૦/- તેમજ નાનાજાન જનાબ હાજી મોહંમદ ઈરફાન અને પરિવાર (જામનગર) તરફથી અંજુમન ખાદિમને રૂા. ૨૫૦/-, અંજુમન તંગદસ્ત ફંડને રૂા. ૨૫૦/-, ટાઈમ્સ ઓફ ખત્રીને રૂા. ૨૫૦/-, એજયુકેશન ફંડ (ટ્રસ્ટ)ને રૂા. ૨૫૦/- બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## નયા આશિયાના

જૂનાગઢના રહીશ જનાબ હનીફ આદમ ગિરાચ એ નવું ઘર ખરીદ કરતા, આ ખુશીના પ્રસંગે ટાઈમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦/- બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## લવાજમ

લોધીકાના રહીશ જનાબ અ.રઝાક ઈબ્રાહિમ ટાટારીયા તરફથી રૂા. ૬૦૦/- પાંચ વર્ષના લવાજમ પેટે મળેલ છે.



## જવાબો નથી...

સવાલો ઘણાં છે, જવાબો નથી,
નવાબી હજુ છે, નવાબો નથી,

થયા છે ગુનાહો ઉભી બજારે,
ખબર છે બધી પણ, પુરાવો નથી,

નકશા તમારા બતાવો ભલે પણ,
અમારી જગા છે, ખરાબો નથી,

કાંટા ન કેડે જોવા મળે જો,
એ ફૂલો હશે પણ, ગુલાબો નથી,

અમે જે નિભાવી બતાવ્યા જગતને,
મૌખિક વચન છે, ઠરાવો નથી,

ઘરડાંથી ઘરમાં લાગે છે નાનપ,
રૂપિયો ઘણો છે, મલાજો નથી,

ડિગ્રી બધી છે અનુભવની સાચી,
શિખાવી શકે એ કિતાબો નથી,

બેનામ રહીને સઘળું જુએ છે,
નબળો હશે પણ, નમાલો નથી.

- મોહંમદ હુસૈન ઘડા (બેનામ)



Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.